પ્રચાર પ્રસાર
|| સનાતન પરમો ધર્મ ||
સંવત - ૨૦૮૦
સનાતન ધર્મ પત્રિકા
જાગૃત ઉજાગર
શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું મુખપત્ર
This edition is for internal circulation of members of ABKKP Social Association
SOCIAL MEDIA USE ONLY
સ્થાપના: નખત્રાણા-કચ્છ
SPD : 1065
સંવત - ૨૦૮૦ | ચૈત્ર સુદ - ૦૨ | શુક્રવાર | ૨૪.૦૩.૨૦૨૩ | SPD : 1065
Mob.: +91 7801877774, +91 7718977774 | sanatandharmpatrika@gmail.com

ઐતિહાસિક સનાતની શતાબ્દી મહોત્સવનાં પ્રસંગે વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદીજી ને નિમંત્રણ પાઠવવા રૂબરૂ દિલ્હી શ્રી સમાજ મોવડીઓ અને રાજકીય નેતાઓ

(ગુજરાત ના પનોતા પુત્ર, નરેન્દ્ર મોદીજી, પુરષોત્તમ રૂપાલા અને ડૉ.મનસુખભાઇ માંડવીયાને પત્ર અને માતાજીના પ્રસાદ અર્પણ કરી આગોતરું આમંત્રણ પાઠવ્યું)

PMO હાઉસ માં જઈ ચૈત્રી નવરાત્રી નાં શુભ દિને ગુજરાતના પનોતા પુત્ર અને કચ્છ વિકાસ નાં શિલ્પી માનનીય વડા પ્રધાન નરેન્દ્ર મોદી જી ને રૂડા અવસરે કચ્છ નખત્રાણા પધારવા નું આગોતરું આમંત્રણ પાઠવ્યું...

કચ્છ - નખત્રાણા મધ્યે આગામી તા.૧૦/૫ થી તા.૧૪/૫ નાં મે માસ દરમ્યાન ત્રિવિધ કાર્યક્રમ શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ અને યુવા તેમજ મહિલા શક્તિ દ્વારા આયોજિત "સનાતની શતાબ્દી મહોત્સવ" નિમિતે સમાજના પ્રમુખશ્રી અબજીભાઇ કાનાણી, મહોત્સવના આયોજન સમીતી ચેરમેનશ્રી ગોપાલભાઈ ભાવાણી, કચ્છ મોરબીના સાંસદશ્રી તથા પ્રદેશ ભારતીય જનતા પાર્ટીના મહામંત્રીશ્રી વિનોદભાઈ ચાવડા, એવમ્ કચ્છ જિલ્લા ભાજપના પ્રમુખ અને ભુજ મતવિસ્તારના લાડીલા કર્મઠ ધારાસભ્યશ્રી કેશુભાઈ પટેલ, શ્રી સમાજ મહામંત્રીશ્રી પુરષોતમભાઈ ભગત મહોત્સવના રાજકીય કન્વીનર ભરતભાઈ સોમજીયાણી આજરોજ દિલ્હી ખાતે વડા પ્રધાન માનનીય નરેન્દ્રભાઈ મોદીજી સાથે મુલાકાત કરવામાં આવી તેઓએ આપણા આયોજન ને સમજી જરૂર સાનુકૂળતા જોઈને PMO માંથી સુરક્ષા નાં પગલાં વિચારી પ્રતિઉત્તર આપવામાં આવશે તેવું જણાવેલ અને આપેલ માહિતી તેમજ ઇતિહાસ નો વિકાસ ગ્રંથનો અભ્યાસ કરીને જરૂર તે વિષે વિશેષ આભાર લેટર પણ આપવામાં આવશે. તેઓએ જણાવ્યા મુજબ હું કચ્છી પટેલ ને ખુબ નજીક અને સારી રીતે ઓળખું છું અને તેઓના કર્મઠ મહેનતથી ભારત ભર માં ફેલાયેલા સમુદાય ને રાષ્ટ્ર હિત માં કેમ ઉપયોગ કરી સકાય તે માટે પણ જરૂર પરામર્શ કરવા જણાવેલ અને તે મુજબ મજબૂત સરકાર નાં નિર્માણ માં જરૂર ઉપયોગી થશો" તેવી ચર્ચા પણ કરવામાં આવી.

કેન્દ્રીય મંત્રી શ્રીપુરષોતમભાઈ રુપાલા સાહેબ અને કેન્દ્રીય મંત્રી ડો. મનસુખભાઇ માંડવીયા બને ને રૂબરૂ મળતા તેઓ જરૂર મહોત્સવમાં પધારે તેમ

કચ્છ નાં સાહસિક જનતા સાથે પાટીદાર સામાજિક સંગઠન સાથે સાંસદ અને કચ્છ જિલ્લા નાં સંગઠન પ્રમુખ તેમજ ધારાસભ્ય સાથે સંત સાથે દિલ્હી સમાજ વિકાસ થી રાષ્ટ્ર વિકાસ અને અખંડ ભારત નિર્માતા સરદાર પટેલ સાહેબ ની પ્રતિમા પાસે ગૌરવ સહ પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી.

શ્રી ભારત સરકાર નાં કૃષિ મંત્રી એવા પુરષોત્તમ રૂપાલા જી ને દિલ્હી રૂબરૂ જઈ નખત્રાણા મુકામે આયોજીત કાર્યક્રમ માં ઉપસ્થિત રહી સમાજ તથા સમગ્ર કચ્છ ની જનતા ને વિકાસ ની દિશામાં આગેકૂચ કરવા માટે પ્રોત્સાહિત કરવા આમંત્રણ પાઠવેલ જે તેઓએ સ્વીકારી અને ઉપસ્થિત રહેવા ભાવ પૂર્ણ પ્રતિભાવ આપ્યો છે..

નિમંત્રણ પાઠવવા સાથે શુભેચ્છા મુલાકાત પણ કરવામાં આવી... તેઓશ્રીએ આપણા આમંત્રણનો સહર્ષ સ્વીકાર કરેલ છે.

આમ તો PMO માંથી ૨૨ તારીખ હિન્દુ નવા વર્ષ ચૈત્રી નવરાત્રીનાં પ્રારંભે મળવાનું આયોજન સુનિશ્ચિત થયેલ પણ ૨૨ માર્ચ ની રજા જાહેર થયેલ એક દિવસની તારીખ નો ફેરફાર થયેલ પણ નવરાત્રી નાં પવિત્ર માહોલ માં માનનીય ગુજરાત નાં તમામ પનોતા પુત્ર વડાપ્રધાન અને મંત્રીઓ ને મળવાનો અનોખો પ્રભાવ રહ્યો હતો. સાથે સ્વામિનારાયણ સંત પણ આવેલ જેઓએ પ્રસાદ આપી આ નિમંત્રણ સાથે

ગુજરાત નાં તો ખરાજ પણ આતો કચ્છ નાં પનોતા પુત્ર એવા સાંસદ કચ્છ અને ભાજપ સંગઠન મહામંત્રી વિનોદભાઈ ચાવડા નું પણ દિલ્હીમાં સ્મૃતિ અર્પણ કરી સન્માન કરતા સંત સાથે કચ્છના રાજકીય નેતાઓ અને સાહસિકો જેઓ સર્વ થકી કચ્છ અનોખો પ્રદેશ સહુનું આકર્ષણ બન્યું છે અને જ્યાં જ્યાં પણ કચ્છી વસે છે ને તેમને માન પૂર્વક હવે તો સહુ કહે છે કચ્છ નહિ દેખા કુછ નહિ દેખા..

ગુજરાતના પનોતા પુત્ર ડો.મનસુખભાઇ માંડવીયા જેઓ ભારત સરકારના આરોગ્ય મંત્રીની સેવા નિભાવે છે. તેઓને રૂબરૂ મળીને આરોગ્ય માટે ગુણકારી કાર્યની પણ ચર્ચા કરવામાં આવી અને શંખનાદ નો વિશ્વ વિક્રમ થકી આરોગ્ય મિશન ને પૂરક બનવાના પ્રયાસ અંગે માહિતી આપી આનોખા કાર્યક્રમ માં ઉપસ્થિત રહેવા જરૂર તેઓ પોતાના વિભાગ માં ચર્ચા કરી પ્રસંગ ને દીપાવવા ઉપસ્થિત રહેવા સાનુકૂળતા બનાવશે તેવા ઉત્સાહ સાથે સહુ સામાજિક અગ્રણીઓ ને સ્વચ્છતા સાથે આરોગ્ય ને ધ્યાને લઇ આગામી કાર્યક્રમ કરવા જણાવેલ..

તેઓના કાર્યક્રમની માહિતી પણ આપેલ આમ કચ્છ સાચેજ મહોત્સવ મય બનવાનું હોય મોદીજી નો ઉમળકો ખૂબ સરસ મજાનો અનુભવ્યો અને પ્રસંગની શોભા વધશે સાથે અસરકારક બનશે એવી અનુભૂતિ સહુએ કરી છે..

શતાબ્દી મહોત્સવ આયોજન ચેરમેન અને શ્રીસમાજ ટ્રસ્ટી ગોપાલભાઇ દ્વારા મોદીજી ને સમગ્ર કાર્યક્રમની રૂપરેખા સાથે માહિતી આપવામાં આવેલ અંને ખાસ કચ્છ પ્રદેશનાં શિલ્પી એવા મોદીજીને વિવેક

સાથે કહેવાયું કચ્છમાં વર્લ્ડ રેકોર્ડ સાથે સનાતની ગૌરવ સાથે થસે શંખનાદ તે જોવા અને માણવા જરૂર પધારો કચ્છ..

કચ્છ મે સંખ્ નાં બજાયા
તો કુછ નાં બજાયાં..

પ્રચાર પ્રસાર
જાગૃત ઉજાગર

પદ્મશ્રી લેતા પહેલા આ ગુજરાતણ PM સામે જોઈને બોલ્યા, આપ ને મેરી ઝોલી ભર દી

(પદ્મશ્રી 2023 : ગુજરાતમાં સિદ્દી સમાજનો ઉદ્ધાર કરનાર હીરાબાઈ લોબીને પદ્મશ્રી એનાયત કરાયો.)

'આપ ને મેરી ઝોલી ભર દી' કહીને પદ્મશ્રી પુરસ્કાર વિજેતા હીરાબાઈ લોબીએ વડા પ્રધાન મોદીનો આભાર વ્યક્ત કર્યો

હીરબાઇ લોબી: ગુજરાતમાં 700 થી વધુ મહિલાઓ અને બાળકોનું જીવન અને નસીબ બદલનાર ગુજરાતના સિદ્દી સમાજના હીરાબાઈ ઈબ્રાહીમ લોબીને પદ્મશ્રી પુરસ્કાર 2023 થી સન્માનિત કરાયા છે. આ સન્માન મહિલા સશક્તિકરણ અને સીદ્દી સમાજના ઉદ્ધાર માટે કરાયેલા કામોને કારણે અપાયું છે. બુધવાર, 22 માર્ચના રોજ રાષ્ટ્રપતિ ભવનમાં સમારોહમાં હીરાબાઈ લોબીને સન્માનિત કરાયા. ત્યારે તેમનો હૃદય સ્પર્શી વીડિયો સામે આવ્યો છે.હીરાબાઈ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની સામે પોતાના દુપટ્ટો ફેલાવીને કંઈક કહેતા નજર આવ્યા હતા. એટલુ જ નહિ, તેઓએ પદ્મશ્રી લેતા સમયે રાષ્ટ્રપતિ દ્રૌપદ્રી મૂર્મના ખભા પર હાથ પણ મૂક્યો હતો.

પદ્મશ્રી પુરસ્કાર માટે જેમ હીરાબાઈ લોબીના નામની જાહેરાત થઈ, તો તેઓ ઉભા થઈને આગળ આવ્યા હતા. હરોળમાં સૌથી આગળ બેસેલા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, ગૃહમંત્રી અમિત શાહ, લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાની સામે આવીને હીરાબાઈ રોકાઈ ગયા હતા. તેઓ થોડી સેકન્ડ માટે ઉભા રહ્યા હતા. આ દરમિયાન તેઓ પ્રધાનમંત્રી મોદીને કંઈક બોલ્યા હતા. તેમણે હાજર મહેમાનોની સામે કહ્યું કે,

"મારા ભાઈ નરેન્દ્ર ભાઈ, તમે મારી ઝોળી ખુશીઓથી ભરી દીધી. કોઈએ અમને કોઈ માન્યતા ન આપી અને જ્યાં સુધી તમે અમારી કોઈ પરવાહ ન કરી, ત્યાં સુધી કોઈએ અમારા વિષે પરવાહ પણ ન કરી, તમે અમને સૌથી આગળ લઈ આવ્યા..."

હીરાબાઈ લોબીએ પદ્મશ્રી સન્માન લેતા સમયે રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મના ખભા પર હાથ રાખ્યો હતો. ઉલ્લેખનીય છે કે,દ્રૌપદી મુરમુર આદિવાસી સમુદાયથી આવનાર ભારતના પ્રથમ મહિલા રાષ્ટ્રપતિ

છે.

કોણ છે હીરાબાઈ લોબી

આદિવાસી સિદ્દી સમાજમા હીરાબાઈ લોબી જાણીતું નામ છે. આ સમાજના ઉત્થાન માટે તેમણે પોતાનું જીવન ખર્ચી નાંખ્યું. તેઓ ગીર સોમનાથના જાંબુરના વતની છે. સિદ્દી સમાજના વિકાસમા તેમનો મોટો ફાળો છે. તેથી જ સરકાર દ્વારા તેમને પદ્મશ્રીથી સન્માનિત કરવામા આવ્યા છે. તેઓએ સિદ્દી સમાજના બાળકોના ભણતર માટે મોટું કામ કર્યું. તેઓએ વર્ષ 2004 માં મહિલા વિકાસ ફાઉન્ડેશનની સ્થાપના કરી. જેથી સિદ્દી સમાજની મહિલાઓ આત્મનિર્ભર બને. આ સંસ્થા દ્વારા તેઓ મહિલાઓને પ્રગતિશીલ બનાવવાના રસ્તાઓ શીખવાડે છે, જેથી તેઓ પગભર થાય. હીરાબાઈ પોતે બહુ જ ઓછું શિક્ષણ મેળવ્યું છે, પંરતું શિક્ષણ માટેનું તેમનુ યોગદાન અનેરું છે. હીરાબાઈએ સીદી સમાજમાં શિક્ષણનું પ્રમાણ વધે તેના માટે તેઓએ જાગૃતિ લાવી છોકરા છોકરીઓને ભણતા કર્યા.

હીરાબાઈએ નાનપણથી જ માતાપિતાની છત્રછાયા ગુમાવી દીધી હતી. તેમના દાદીમાએ તેમનો ઉછેર કર્યો હતો. વર્ષ 2006 માં હીરાબાઈ જાનકીદેવી બજાજ પુરસ્કારથી પણ સન્માનિત થઈ ચૂક્યાં છે.

પ્રચાર પ્રસાર
જાગૃત ઉજાગર

શંખનાદ એક સાથે 2100 થી વધુ સંખ્યામાં કરીને નખત્રાણા ખાતે થશે શ્રીસમાજનો બીજો વર્લ્ડ રેકોર્ડ

(યુવાસંઘ સાચા અર્થમાં ઉજવશે ગોલ્ડન જયુબિલી વર્ષ)

યુવાસંઘ નાં પ્રમુખશ્રી હિતેશ રમજીઆણી દ્વારા મુંબઈ માં મળેલ વડીલો સાથેની બેઠક બાદ કચ્છ માં કુછ હટકે કરવા અને યુવા ને હંમેશા નાવીન્ય માં ખુબ રસ હોય છે અને વૈશ્વિક લેવલ નાં કાર્ય કરવામાં પોતાની શક્તિ અને આયોજન થકી સમાજ ને પણ ગૌરવ થાય તેવા પ્રયાસ કરવા આ પ્રસંગે સમાજે પણ ઠેર ઠેર શંખનાદ કરીને ઘટક સમાજ ની સભાઓ માં પણ અનેક વૈવિધ્ય સાથે સનાતની ગૌરવ નો શંખનાદ કરવા નો કાર્યક્રમ કરેલ છે..

આથી પ્રેરણા મેળવી ને નખત્રાણા ખાતે એક સાથે 2100થી વધુ સંખ્યામાં સુર અને તાલ સાથે શંખનાદ કરવા નો વિશ્વ રેકોર્ડ કરવાની જાહેરાત કરવામાં આવી છે.

આ આયોજન સફળ બનાવી પોતાના ગોલ્ડન જયુબિલી પર્વ ને સરાહનીય કરવા તમામ રીજીયન અને કારોબારી સભ્યો એ એકજ એજન્ડા માં મળેલ વેબિનાર માં સર્વાનુમતે ઉત્સાહ પૂર્વક નાં આ વૈશ્વિક આયોજનમાં તમામ સહયોગી બનવા અને અદભુત ઘટના નાં સાક્ષી બનવા ઊર્જા પૂર્વક સહમતી મળી છે.આ આયોજન ને સફળ બનાવવા સુરત ખાતે 2018 માં સફળ કરેલ ગિનીઝ વર્લ્ડ રેકોર્ડ ની ટીમ સાથે અને સિનિયર યુવાસંઘ નાં અનુભવી સાથે પણ ચર્ચા કરવામાં આવી છે અને તેઓ આ આયોજન સમિતિમાં વિવિધ રીતે જોડાઈ ને ઓછા સમયમાં આ લેવામાં આવેલ નિર્ણય ને સફળ બનાવવા માટે જુદી જુદી સમિતિઓ જે કામગીરી આપી દેવામાં આવી છે. મિશન ચેરમેન યુવાસંઘ નટવરભાઈ સમાણી પણ આ કાર્ય ની પ્રમુખીય લીડ લઈ આ ટીમ ગ્રીનલેન્ડ માંથી વધુ સંખ્યા થાય તેવી સમીતી નું ગઠન ગ્રીનલેન્ડ કાઉન્સિલ પ્રેસિડેન્ટ પંકજ પારસિયા નાં નેતૃત્વ માં નિર્માણ કરવાંમાં આવશે..

પ્રચાર પ્રસાર
જાગૃત ઉજાગર

પૂજ્ય મોરારીબાપુ કથા નાં મંડપ મુહૂર્ત નો કાર્યક્રમ



શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ
શૌર્ય સંસ્કરણ

સમાજના દરેક પરિવાર માં અનુકૂળ સમય કુટુંબ પ્રાર્થના કરવી જોઈએ

મોડાસા વિભાગમાં ભગવાનશ્રી લક્ષ્મીનારાયણ રથ આગમન તિથિ અને તેજસ્વી તારલાઓ ના સન્માન સમારંભ.

તા.12 /3/ 23 નાં અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસા મુકામે શ્રી લક્ષ્મીનારાયણ રથ આગમન તિથી અને તેજસ્વી તારલા સન્માન સમારંભ સાંજના ચાર થી સાત દરમિયાન યોજવામાં આવ્યો.

શ્રી ક.ક.પા.પ્રગતિ મંડળ, મહિલા મંડળ અને યુવાસંઘ દ્વારા સંયુક્ત રીતે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆતમાં ભગવાનશ્રી લક્ષ્મીનારાયણની આરતી કરવામાં આવી ત્યારબાદ પ્રગતિ મંડળના પ્રમુખ છોટાલાલ ધોળું દ્વારા મહેમાનો અને દાતાઓનું શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું. કોરોનાકાળ બાદ આ વર્ષે ધોરણ 01 થી 12નાં તથા કોલેજમાં અભ્યાસ કરતા, ઉપરાંત વિશિષ્ટ ડિગ્રી માટે સન્માન કરવામાં આવ્યું. આ પ્રસંગે મંડળના સભ્ય અનિલભાઈ છાભૈયાના પુત્ર ડૉ.યશસ્વી છાભૈયાએ એમ.એસ. સર્જનની ડિગ્રી હાંસલ કરી અને સુપર સ્પેશિયાલિસ્ટ તરીકે કેન્સર સર્જન માં જયપુર ખાતે પ્રવેશ મેળવેલ છે તેનું સન્માન પ્રગતિ મંડળ દ્વારા કરવામાં આવ્યું.

અન્ય બાળકોને આશ્વાસન ઇનામ આપવામાં આવ્યા. તેમાં કુલ મળીને 410 બાળકોને સન્માવવામાં આવ્યા. માર્કશીટ એકત્રીકરણ કરવામાં અને ઇનામ વ્યવસ્થા કરવામાં યુવાસંઘના પ્રમુખ સુનિલ પટેલ અને યુવાસંઘના સભ્ય દ્વારા કરવામાં આવ્યું.

આ કાર્યક્રમમાં સનાતનની એકતા અને સંગઠન તેમજ સમાજના સર્વાંગી વિકાસ અને એકબીજાને મદદરૂપ થવાની ભાવના ઉપર ભાર મૂકવામાં આવ્યો. આજ દિવસે રાત્રે 08 થી 11 દરમિયાન કેન્દ્રિય સમાજની ટીમ દ્વારા શતાબ્દી સમારંભની માહિતી અને આમંત્રણ આપવામાં આવ્યું.

આ કાર્યક્રમમાં આજુબાજુથી કંપાના પ્રતિનિધિઓ પણ ઉપસ્થિત રહ્યા. અંતમાં મંત્રી નટુભાઈ દ્વારા આભાર વિધિ કરી અને બ્રહ્મ ભોજન કરવામાં આવ્યું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન હિતેશ ભીમાણી, જીગ્નેશ છાભૈયા અને પ્રવીણ છાભૈયા દ્વારા કરવામાં આવ્યું હતું.

H.K. DOORS
BEAUTIFUL AND STRONG DOORS FOR YOUR HOME
HK DOORS
First IMPRESSION of your HOUSE
TERMITE-RESISTANT | FIRE-RESISTANT | DURABLE
HEAD OFFICE
Sri Narayan Timber, Survey No. 186/187, Plot No. 7,8,9, Chudva
Gandhidham - 370201, Kutch, Gujarat - India.
Hareshbhai Rudani - Mo. +91 99791 57883
BRANCH OFFICE
1. DHARWAD - KARNATAKA
Kishorbhai - Mo. +91 94826 95508
2. HYDERABAD - TELANGANA
Bhaveshbhai - Mo. +91 78934 59459
3. CHENNAI - TAMILNADU
Vivekbhai - Mo. + 91 98843 12266
Janakbhai - Mo. +91 98413 88663
4. VIJAYWADA - ANDHRA PRADESH
Rajeshbhai - Mo. +91 78428 05202
5. MARGAO - GOA : Kirtibhai - Mo. +91 70202 74705
KishorBhai Rudani: 9979352929
H.K. TIMBER PVT. LTD.
TIMBER IMPORTER AND ORDER SUPPLIERS
HEAD OFFICE
Survey No. 186/187 Plot No. 6
Gandhidham - 370 201, Kutch, Gujarat - India.
PRAMUKH ENTERPRISE
EXPOTER AND TIMBER IMPORTER
HEAD OFFICE
Flat No. 3, Ground Floor, Plot No. 26,
Sector - 3, Matru Chhaya Appartment, Gandhidham
Kutch, Gujarat - 370 201.
Bharatbhai Rudani - Mo. +91 99791 57884
H.K. FRUITS
HEAD OFFICE
45, Gopalnand Chock, Gunatitpur,
Kumbharadi, Kutch, Gujarat - 370 140.
Jagdishbhai Rudani - Mo. + 91 99254 98648
Dhirajbhai Rudani - Mo. + 91 99784 49205